અનુસૂચિત જાતિની કુમારિકાઓના લગ્ન પ્રસંગે
કુંવરબાઈનું મામેરું યોજના.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસ.સી.ડબલ્યુ/૧૦૨૦૦૩/૨૨૫૨-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 22 FEB 2006

વંચાણે લીધાઃ-(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સ.ક.પ્રભાગ)નો તા.૨૦/૧૦/૯૫ નો ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૯૧/૭૭૫-(૯૫)૨/જ

(૨) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ.ક) પ્રભાગનો તા.૧૧/૧૨/૯૫ નો ઠરાવ ક્રમાંકઃએસ.સી.ડબલ્યુ/૧૦૯૫/મન/૬૯/જ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮/૯/૨૦૦૩નોઠરાવ ક્રમાંકઃ એસ.સી. ડબલ્યુ-૧૦૨૦૦૩-૨૨૫૨-ગ

ઠરાવઃ-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનુસૂચિત જાતિના કુટુંબોમાં કુમારીકાઓના લગ્ન પ્રસંગે ઉક્ત ઠરાવોની શરતોને આધીન "કુંવરબાઈનું મામેરું"યોજના અમલમાં મુકવામાં આવી છે.

૨. આમુખમાં ક્રમ (૩) સામે દર્શાવેલ તા.૮/૯/૨૦૦૩ ના ઠરાવથી આ યોજનાનો લાભ મેળવવા અરજી કરવાની મુદત ૩ માસની રાખવામાં આવી છે. ત્રણ માસના ટુંકા ગાળામાં અરજી તૈયાર કરવા અને પુરાવા મેળવવા વિગેરે કાર્યવાહી કરવી શક્ય બનતી નથી. અને ત્રણ માસનો સમય પૂરો થઈ જતાં વાલીઓ સહાયથી વંચિત રહી જાય છે. આ યોજના હેઠળ સહાય મેળવવા અરજી કરવા પૂરતો સમય મળી રહે અને મહત્તમ લાભાર્થીઓ યોજનાનો લાભ મેળવી શકે તે આશયથી અરજી કરવાની મુદતમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

" આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થી/કુમારિકાએ લગ્ન કર્યાના ૧૨ માસની અંદર સબંધિત અધિકારીને અરજી કરવાની રહેશે. ત્યારબાદ મળેલ અરજીઓ સહાયને પાત્ર બનશે નહી"

૩. આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એચ.ગરાસિયા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

-નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
-સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી
-સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)

નકલ રવાના:-

-માન.મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-માન.રા.ક.મંત્રીશ્રી સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
-સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
-વિભાગની સર્વે શાખાઓ.
-પસંદગી ફાઈલ.

એચકે

શેરાક્રમાંક : અજાક/મ/છુ/ શિષ્યવૃત્તિ/૨૰૦૬/
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તારીખ : -૨૦૦૬

**સદર નકલ જાણ તથા અમલ થવા સારૂ રવાના.**

પ્રતિ

(૧) સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
(૨) સર્વે સમાજ કલ્યાણ અધિકારી (પં)
(૩) સર્વે તકેદારી અધિકારીશ્રી,

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર